સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની પ્રતિના અંતમાની વિસ્તૃત પ્રશસ્તિ

આ લેખમાં ભાવનગર–શ્રીસંઘના જૈન જ્ઞાનભંડારમાંની સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની પ્રતિનો અને તેના અંતમાં લખાયેલી એક વિસ્તૃત પ્રશસ્તિનો પરિચય આપવામાં આવે છે. એ પ્રતિ અત્યારે ભાવનગર–શ્રીસંઘના ભંડારમાં—સુરક્ષિત તો ન કહેવાય પણ,—રક્ષિત છે. ભાવનગરમાં શ્રીસંઘનાં દરેક કાર્યો "શેઠ ડોસાભાઈ અભેચંદની પેઢી"ના નામથી ચાલે છે. એટલે પ્રસ્તુત જ્ઞાનભંડાર એ પેઢીના આશ્રય નીચે હોઈ એની કાળજીભરી દેખરેખ પેઢીના પ્રાણ સમા વયોવૃદ્ધ કાર્યકર્તા ધર્માત્મા વિદ્વાન શેઠ કુંવરજી આણંદજી રાખે છે. પ્રસ્તુત પ્રતિનો નંબર ડા. ૨૩ નં. ૧૫ છે. એની પત્રસંખ્યા ૯૫ છે. લંબાઈ–પહોળાઈ ૧૧।×૪।।। ઇંચની છે. દરેક પાનામાં લીટીઓ કેટલી છે એ ગફલતથી નોંધવું રહી ગયું છે એટલે અત્યારે મને યાદ છે તે પ્રમાણે તેમાં સાત લીટીઓ હોવી જોઈએ. અને દરેક લીટીમાં અક્ષરો ૨૮ થી ૩૪ સુધી છે. આખી પ્રતિ બે વિભાગમાં લખાયેલી છે એટલે બે વિભાગ પાડવા માટે વચમાં પણ વેલ છે અને દરેક પાનાની ચોમેર પણ વેલ છે. એ વેલ કોઈ કળાના ખાસ નમૂનારૂપ નથી પરંતુ તદ્દન સાદી જ છે. પ્રતિની લિપિ સુંદર છે અને પ્રતિ દેખાવમાં તેમ જ અવસ્થામાં પણ બહુ જ સારી છે. પ્રતિમાં સુવર્ણમય અક્ષર લખવા માટે પાનાની જમીન (Background)લાલ, આસમાની અને જાંબલી એમ ત્રણ રંગથી રંગીન કરવામાં આવી છે, જ્યારે ચિત્રો નીચેની જમીન લાલ જ રાખવામાં આવી છે. ચિત્રોમાં રંગોનું વૈવિધ્ય ખાસ નથી; એમાં મુખ્યત્વે કરીને સોનેરી રંગનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ છતાં ચિત્રો સુંદરતાથી જરાય વેગળાં કે વંચિત નથી. પ્રસ્તુત ચિત્રો કલ્પસૂત્રની હસ્તલિખિત પ્રતિઓમાં સામાન્ય રીતે જે જાતનાં ચિત્રો જોવામાં આવે છે તે જ જાતનાં છે.

પ્રસ્તુત પ્રતિને અંગે આટલું જણાવ્યા પછી હવે આપણે એ પ્રતિના અંતમાંની વિસ્તૃત પ્રશસ્તિ જોઈએ.

भुज्जो भुज्जो उवदंसेइ त्ति बेमि ॥ छ॥ **पज्जोसवणाकप्पो** सम्मत्तो ॥ छ॥ ग्रंथाग्रं १२१६ **सर्वसंख्या** ॥ छ॥ संवत् १५१७ वर्षे आखाढ सुदि अष्टमी सोमे श्री**अणहिलपुरपत्तने** । श्री श्री **खरतरगच्छे** ॥ श्री**जिनचंद्रसूरि**राज्ये श्रीउपाध्या[य] **सिद्धान्तरुचिउद्यमेन** लिखितं **वाछाकेन** ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ए ८०॥ आसी**दूकेश**वंश्येषु **थुल्लशाखा**समुद्भवः ।
मंत्री **दुर्लक्षसिंहा**ख्यः **पद्म**स्तस्यांगजः पुनः ।। १
जिणाको जिनभक्तात्मा **नोडाकः** कृत्यसाधनः ।
धनी **धनपति**श्चैते **पद्माक**स्य सुतास्त्रयः ॥ २
आर्या भार्या **जिणाक**स्य सती **जासलदेविका** ।
वर्जांगः स्मरसिंहश्च पुत्रद्वयमिदं तयोः ॥ ३
तत्र **वर्जांग**जः सर्वसमः **समधरो**ऽजनि ।
सुतः **समरसिंह**स्य **सालिगः** श्लाघनीयधीः ॥
जीवादेवीभवो भाति **मेघराजः** परः पुनः ।। ४
नोडाभार्या **नामलदेवी होली** सुतौ तयोर्द्वौ द्वौ ।
हांसा–मल्हसंज्ञौ **हर्षा**ख्यः **सोमदत्त**श्च ॥ ५
पुत्रिकापंचकं चासीत् गुरुभक्तिपरायणम् ।
वीमाई च तथा **चेली सारू वारू धनाई**ति ॥ ६
श्रीवत्स–श्रीमन्तौ साधु**सदयवत्स–शत्रुशल्यौ** च ।
इति हंसराज-हंसलदेव्योः पुत्रा भुवि ख्याताः ।। ७
मल्हूभार्या **माणिकदेवी** जाता अमी जगत्ख्याताः ।
श्रीधर–सुरपति–सु(शु)भकर–सहस्रमल्लाः सुते द्वे च ।। ८
मांजू–कस्तूराईनाम्न्यौ भार्या[ऽ]स्ति **सीधरस्य** सती ।
सिरियादेवी पुत्राश्चत्वारः ख्यातनामानः ॥ ९
तेषू**दयकर्ण–आसकर्ण–श्रीकर्ण–राजमल्ला**श्च ।
छाजी–पूनाईनामतश्च पुत्र्यौ तथा जाते ॥ १०
रत्नादेवी सुरपतिभार्या **शुभकर**स्य **रंगादे** ।
सद्धर्मकर्मनिरता **सहस्रमल्ल**स्य **सहसादे** ॥ ११
हर्षराजस्य जाया[ऽ]स्ति **रजाई** धर्मतत्परा ।
गुरुगच्छसाधुसाध्वीनां भक्तिव्यक्तिमनोहरा ॥ १२
वल्हादेवी जाता(जाया) **धनपति**साधोः सुतास्तु चत्वारः ।
शिवदत्तो नगराजो लषराजो जीवराज इति ॥ १३
जज्ञे[ऽ]थ **नगराज**स्य तनयः **सज्जना**भिधः ।
तस्यास्त्यु**दयसिंहा**ख्यस्तनयो दीप्तिमानति ॥ १४
रत्नाईकुक्षिरत्नानि **लषराज**स्य सूनवः ।
सोनपाल–पूनपाल–अमीपालादयोऽद्भुताः ॥ १५
दिल्ली–गूर्जर–मालव–सिंधुषु मरुमंडले च नृपमान्याः ।
मंत्री**पद्म**स्य संततिरुदयवती निरुपमा भाति ॥ १६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अस्याश्च करणीयानि तद्यथा —

स्थाने स्थाने[ऽ]र्हत्प्रतिष्ठा-यात्रा-ऽऽचार्यपदादिषु ।
उत्सवाश्चक्रिरेऽमीभिः कस्तानन्यः करिष्यति ॥ १७

श्री **लोकहिता**चार्याः **सागरचन्द्र**सूरयः ।
श्री**भावप्रभ**सूरीन्द्राः श्री**जिनचन्द्र**सूरयः ॥ १८

एते श्रीगुरु(र)वो[ऽ]मीभिः स्थापयांचक्रिरे क्रमात् ।
लक्ष्मसिंह-जिणा साधु-धनपति-स्मरसिंहकैः ॥ १९ युग्मं ॥

देवकार्यं गुरोः कार्यं संघकार्यं स्वकार्यवत् ।
कुर्वंतो **धनपत्यादेः** प्रशंसामः कियद्वयम् ॥ २०

किंच ।

विनयवती शीलवती दानवती सद्विवेकरंगवती ।
माणिकदेवी मल्हभार्या जयतीह पुण्यवती ॥ २१
सा ग्रंथलक्षमेकं लेखितपूर्विण्युदारसच्चरिता ।
लेखयति स्म सुवर्णाक्षररम्यं कल्पसूत्रमिदम् ॥ २२

इतश्च ॥

चांद्रे कुले श्री**जिनचन्द्र**सूरिः सिद्धान्तवेत्ता[ऽ]**भयदेव**सूरिः ।
सद्वल्लभः श्री**जिनवल्लभो**ऽपि युगप्रधानो **जिनदत्त**सूरिः ॥ २३
भाग्याद्भुतः श्री**जिनचन्द्र**सूरिः [सूरि]र्बभूवान् **जिनपत्य**भिख्यः ।
जिनेश्वरः सूरिरुदारचेताः **जिनप्रबोधो** दुरितापनेता ॥ २४
सांवेगिकः श्री**जिनचन्द्र**सूरिः सूरिर्जिनादिः **कुशला**वसानः ।
पद्माश्रितः श्री**जिनपद्म**सूरिर्लब्धेर्निधानं **जिनलब्धि**सूरिः ॥ २५
महोपकारी **जिनचन्द्र**सूरिर्**जिनोदयः** सूरिरुदग्रभाग्यः ।
प्रशान्तमूर्तिर्**जिनराज**सूरिर्युगप्रधाना **जिनभद्र**सूरयः ॥ २६
ततोऽपि च श्री**जिनचन्द्र**सूरयः नयोज्ज्वलाः शासति गच्छमात्मनः ।
तेषामधीनं किल **कल्प**पुस्तकं **माणिक्यदेवी** कुरुते स्म भक्तितः ॥ २७
प्रतिवर्षं महाहर्षान्महोत्सवपुरःसरम् ।
वाच्यमानं चिरं सद्भिर्नन्दतात् **कल्प**पुस्तकम् ॥ २८

संवत् १५१७ वर्षे श्री**अणहिल्लपुर**पत्तने सा० **मल्ह**भार्यया **माणिकदे** श्राविकया पुस्तकमिदं लेखितं चिरं नंदतु ॥ छ ॥ कृतिरियं श्री**सिद्धान्तरुचि**महोपाध्यायशिष्य**साधुसोम**गणेरिति भद्रम् ॥ छ ॥ श्रीशुभं भवतु ॥ कल्याणमस्तु ॥ छ ॥ श्रीः ॥

ઉપર આપેલી વિસ્તૃત પ્રશસ્તિ ઐતિહાસિક હકીકતો કરતાં મંત્રી પદ્મ=પદ્માકના વંશજો અને **ખતરગચ્છીય સમર્થ** આચાર્યોનાં નામોથી જ ભરાયેલી છે. એટલે આ આખી **પ્રશસ્તિનો** શબ્દશઃ **અનુવાદ** આપવા કરતાં તેમાંની ખાસ ખાસ હકીકતોનું તારણ આપવું એ જ વધારે ઉચિત અને **સંગત છે એમ** માની એ જ અહીં આપવામાં આવે છે.

જ્ઞાનાં. ૨૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌપહેલાં આ પ્રશસ્તિના વીસ શ્લોકોમાં મંત્રી પદ્માકના વંશજોની અને તેમના ધર્મગુરુઓની નામાવલી આપવામાં આવી છે કે જેના વંશમાં થયેલ સા. મલ્હૂની ભાર્યા માણિકદે શ્રાવિકાએ પ્રસ્તુત સચિત્ર સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની સુંદર અને સુશોભિત પ્રતિ લખાવી છે. એ નામાવલી ઉપરથી મંત્રી પદ્મ=પદ્માકનું વંશવૃક્ષ નીચે મુજબનું બની શકે છે:



આ વંશાવલી ઉપરાંત પ્રારંભના વીસ શ્લોકોમાં મંત્રી પદ્મનાં વંશજોના સુકૃતનો કોઈ ખાસ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો, પરંતુ સામાન્ય રીતે એટલું જ કહેવામાં આવ્યું છે કે મંત્રી પદ્મનાં વંશજો દિલ્હી, ગૂજરાત, માલવા, સિંધ, મારવાડ વગેરે દેશમાં તેમના મૂળ પુરુષોની કારકિર્દીના પ્રતાપે રાજાઓ તરફથી માન પામતા હતા. તેમ જ આ વંશમાં થયેલા વંશજોએ પ્રતિષ્ઠા, યાત્રા તેમ જ આચાર્યપદારોપણ વગેરે પ્રસંગોમાં ઘણા મહોત્સવો ઊજવ્યા છે.

* નોડાકને ખીમાઈ, ચેલી, સારૂ, વારૂ અને ધનાઈ એ નામની પાંચ પુત્રીઓ પણ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશસ્તિના એકવીસ–બાવીસમા શ્લોકોમાં 'માણેકબાઈ ધર્માત્મા હતી અને તેણે કલ્પસૂત્ર સચિત્ર સુવર્ણાક્ષરી પ્રતિ લખાવી તે પહેલાં એક લાખ શ્લોકપ્રમાણ ગ્રંથો લખાવ્યા હતા' એમ જણાવ્યું છે.

આ પછીના બાકીના શ્લોકોમાં ખરતરગચ્છીય આચાર્યોનાં નામોની પટ્ટાવલી અને છેવટે પ્રસ્તુત સચિત્ર સુવર્ણાક્ષરી કલ્પસૂત્રની પોથી લખાવીને માણેકબાઈએ જે આચાર્યને—કે જેમનું નામ જિન-ચંદ્રસૂરિ છે—અધીન કરી છે તે હકીકત જણાવી છે. ખરતરગચ્છીય આચાર્યોનાં નામો આ પ્રમાણે છે:

૧ ચંદ્રકુલીય આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ, ૨ તત્પટ્ટે આગમજ્ઞ શ્રી અભયદેવાચાર્ય, ૩ તત્પટ્ટે શ્રી જિનવલ્લભસૂરિ, ૪ તત્પટ્ટે યુગપ્રધાન શ્રી જિનદત્તસૂરિ, ૫ તત્પટ્ટે શ્રી જિનચંદ્રસૂરિ, ૬ તત્પટ્ટે શ્રી જિનપતિ-સૂરિ, ૭ તત્પટ્ટે શ્રી જિનેશ્વરાચાર્ય, ૮ તત્પટ્ટે શ્રી જિનપ્રબોધસૂરિ, ૯ તત્પટ્ટે શ્રી જિનચંદ્રસૂરિ, ૧૦ તત્પટ્ટે શ્રી જિનકુશલસૂરિ, ૧૧ તત્પટ્ટે શ્રી જિનપદ્મસૂરિ, ૧૨ તત્પટ્ટે શ્રી જિનલબ્ધિસૂરિ, ૧૩ તત્પટ્ટે શ્રી જિનચંદ્રસૂરિ, ૧૪ તત્પટ્ટે શ્રી જિનોદયસૂરિ, ૧૫ તત્પટ્ટે શ્રી જિનરાજસૂરિ, ૧૬ તત્પટ્ટે શ્રી જિનભદ્રસૂરિ, ૧૭ તત્પટ્ટે શ્રી જિનચંદ્રસૂરિ, જેમને પ્રસ્તુત કલ્પસૂત્રની સચિત્ર સ્વર્ણાક્ષરી પ્રતિ માણેકબાઈએ વહોરાવી છે–સાદર અર્પણ કરી છે.

પ્રસ્તુત પ્રશસ્તિની શરૂઆતમાં થોડો ગદ્યમય પ્રશસ્તિ-અંશ છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે 'પ્રસ્તુત કલ્પસૂત્રની પ્રતિ વિક્રમ સંવત ૧૫૧૭ અષાડ સુદિ ૮ સોમે અણહિલ્લપુર પાટણમાં, ખરતર-ગચ્છીય આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિના રાજ્યમાં ઉપાધ્યાય શ્રી સિદ્ધાન્તરુચિગણિની દેખરેખ નીચે વાછાક નામના લેખકે લખી છે.' અને અંતના ગદ્ય પ્રશસ્તિ-અંશમાં 'પ્રશસ્તિની રચના ઉપાધ્યાય શ્રી સિદ્ધાન્ત-રુચિગણિશિષ્ય શ્રી સાધુસોમગણિએ કરી છે' એ સૂચવવામાં આવ્યું છે.

ઉપર જણાવવામાં આવ્યું તેમ પ્રસ્તુત પ્રતિનો જન્મ પાટણમાં થયો છે અને ત્યાંથી સ્થાનાંતર પામતી પામતી એ અત્યારે ભાવનગરના શ્રીસંઘના જ્ઞાનભંડારમાં સુરક્ષિત રીતે સ્થિર સ્થાન પામી છે.

['શ્રી જૈન સત્ય પ્રકાશ,' જુલાઈ ૧૯૪૩]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org